જનરલ બોર્ડ ઠરાવ નં.૫૩, તા.૧૯/૩/૨૦૨૧ પરિપત્ર નં.૭

એજન્ડા ક્રમ નં.૧

ઠરાવ

– જૂનાગઢ મહાનગરપાલિકાની પેટા ચૂંટણી–૨૦૨૧ અન્વયે સ્થાયી સમિતી અને જનરલ બોર્ડની બજેટ મીટીંગ બોલાવવા માટે રાજય ચૂંટણી આયોગએ તા.૨૩/૨/૨૦૨૧ની નોંધથી અનુમતી આપેલ છે. જે અંગે સંયુકત સચિવશ્રી શ.વિ.અને શ.ગૃ.નિ.વિ.–ગાંધીનગરના પત્ર ક્રમાંક ચટણ/૧૦૨૦૨૧/૧૧૧૭/પી. તા.૨૪/૨/૨૦૨૧થી કરેલ જાણ અન્વયે.

મહાનગરપાલિકા, જૂનાગઢનું સને.૨૦૨૦–૨૦૨૧નું રીવાઈઝડ બજેટ તથા જૂનાગઢ મહાનગરપાલિકાનું સને.૨૦૨૧–૨૦૨૨ના વર્ષનું બજેટ તથા મહાનગરપાલિકા, જૂનાગઢ સંચાલીત શ્રી નરસિંહ વિદ્યામંદિરનું સને. ૨૦૨૧–૨૨નું બજેટ મંજુર કરવા અંગે સ્થાયી સમિતીએ કરેલ ઠ.નં.૩૯૩ તા.૯/૩/૨૦૨૧ને બહાલ રાખવા આજની મીટીંગમાં વંચાણે લઈ, ચર્ચા વિચારણા કરતા,

– ઘરવેરાની મિલ્કત આકારણીમાં ભવનાથક્ષેત્રમાં જે ભારાંક ગણેલ છે તે ભારાંક મુજબ જૂનાગઢ શહેરમાં આવેલ મંદિર, મસ્જીદ અને અન્ય ધાર્મિક સ્થાન હોય તેના ગેસ્ટહાઉસ, ધર્મશાળા, ઉતારા કે અન્ય મિલ્કત ધાર્મિક સ્થાનના પરીસરમાં મિલ્કત ધરાવતા હોય તેમા ભવનાથક્ષેત્રના ભારાંક મુજબ ગણવાનું ઠરાવવામાં આવે છે.

– જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં એમ્બ્યુલન્સ માટે કોઈપણ કોર્પોરેટરશ્રી ભલામણ કરે ત્યારે પ્રાયોરીટીના ધોરણે એમ્બ્યુલન્સ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

ઉપરોકત સુધારા સાથે મહાનગરપાલિકા, જૂનાગઢનું સને.૨૦૨૦–૨૦૨૧નું રીવાઈઝડ બજેટ તથા જૂનાગઢ મહાનગરપાલિકાનું સને.૨૦૨૧–૨૦૨૨ના વર્ષનું બજેટ તથા મહાનગરપાલિકા, જૂનાગઢ સંચાલીત શ્રી નરસિંહ વિદ્યામંદિરનું સને. ૨૦૨૧–૨૨નું બજેટ મંજુર કરવા અંગે સ્થાયી સમિતીએ કરેલ ઠ.નં.૩૯૩ તા.૯/૩/૨૦૨૧ને બહાલ રાખવાનું બહુમતીથી ઠરાવવામાં આવે છે.

અધ્યક્ષ
મહાનગરપાલિકા, જૂનાગઢ.

સ્થાયી સમિતી ઠરાવ નં.૩૯૩, તા.૯/૩/૨૦૨૧

પરિપત્ર નં.૧૮
એજન્ડા ક્રમ નં.૧

ઠરાવ

– જૂનાગઢ મહાનગરપાલિકાની પેટા ચૂંટણી–૨૦૨૧ અન્વયે સ્થાયી સમિતી અને જનરલ બોર્ડની બજેટ મીટીંગ બોલાવવા માટે રાજય ચૂંટણી આયોગએ તા.૨૩/૨/૨૦૨૧ની નોંધથી અનુમતી આપેલ છે. જે અંગે સંયુકત સચિવશ્રી શ.વિ.અને શ.ગૃ.નિ.વિ.–ગાંધીનગરના પત્ર ક્રમાંક ચટણ/૧૦૨૦૨૧/૧૧૧૭/પી. તા.૨૪/૨/૨૦૨૧થી કરેલ જાણ અન્વયે.

મહાનગરપાલિકા, જૂનાગઢનું સને.૨૦૨૦–૨૧નું રીવાઈઝડ બજેટ તથા સને.૨૦૨૧–૨૦૨૨ના વર્ષનું બજેટ તથા મહાનગરપાલિકા,જૂનાગઢ સંચાલીત શ્રી નરસિંહ વિદ્યા મંદિરનું સને.૨૦૨૧–૨૦૨૨નું બજેટ મંજુર કરવા અંગે કમિશનરશ્રી તરફથી કરવામાં આવેલ દરખાસ્ત જૂ.મ.ન.પા/જે.એમ.સી.સી./એકા/જા.નં.૧૩ તા.૩૦/૧/૨૦૨૧ને આજની મીટીંગમાં વંચાણે લેતા,

– કોર્પોરેટરશ્રીઓને શહેરના વિકાસ પ્રત્યેના દ્રષ્ટિકોણને અને શહેરની પ્રજાની નાનામાં નાની જરૂરીયાતોને અને સુખાકારીને લક્ષમાં રાખી વિકાસના કામો કરી શકાય તે માટે વોર્ડ દીઠ પ્રતિ માસ રૂા. 3,20,000/- મુજબ પ્રત્યેક કોર્પોરેટરશ્રીના હવાલે માસીક રૂા. 80,000/- ની જોગવાઈ રાખી છે. જે નિયમો મુજબ કોર્પોરેટરશ્રી વિકાસના કામો માટે ગ્રાન્ટનો ઉપયોગ કરી શકશે.

– સને.2021-22 ના વર્ષમાં વહીવટમાં સંપૂર્ણ પારદર્શકતા અને કરકસર કરી કેન્દ્ર તથા રાજય સરકારની નીતિઓ અનુસાર અંદાજ નકકી કરવામાં આવેલ છે.શહેરના વિકાસ તથા પ્રજાલક્ષી સુખાકારીના કામો કરવા કેપીટલ ખર્ચ રૂા.242.85 કરોડ ની જોગવાઈ રાખવામાં આવેલ છે.

– રેવન્યુ ખર્ચમાં શકય એટલો ઘટાડો કરવામાં આવેલ છે. જયારે આવકના પાસાનો પૂર્ણ ઉપયોગ કરી સીધી ભરતી પ્રક્રિયા માટે જોગવાઈ કરેલ છે.

– જૂનાગઢ મહાનગરપાલિકાની હદમાં કોઈ મોટા ઉદ્યોગો કે, મોટો ઔદ્યોગિક વિસ્તાર આવેલ નથી, અને જે મધ્યમ અને નાના કદના ઉદ્યોગો આવેલા છે તેની પાસેથી કરવેરાની આવક અન્ય કોર્પોરેશનની આવકની સાપેક્ષમાં નહિવત થાય છે તેથી ખુલ્લા પ્લોટ ઉપર ચાર્જ પ્રતિ ચો.મી. રૂા. 4 ના બદલે રૂા. 10 ચાર્જ કરવા સામાન્ય વધારો કમિશનરશ્રી તરફથી સુચવવામાં આવેલ જે નામંજુર કરી હાલના દર રૂા.4 પ્રતિ ચો.મી. યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા–જૂનાગઢ.

– તા.01-04-2021 થી તા.30-06-2021 સુધીમાં પાછલી બાકી રકમ સાથે ચાલુ નાણાકીય વર્ષની વેરાની રકમ ભરપાઈ કરવામાં આવે તો ચાલુ વર્ષની સામાન્ય કરની બાકી રકમમાં 10% વળતર અને જો કર દાતા કેશ લેશ (ઓનલાઈન બેંકીંગ, ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ કે પી.ઓ.એસ. મશીનથી) વેરો ભરશે તો વધારાના 2% મળી કુલ 12% વળતર આપવાનું ઠરાવવામાં આવે છે.

ખાનગી માલિકીની મિલકતોના દસ્તાવેજ થયા પછી એક માસમાં નામ ટ્રાન્સફર કરાવી લેવાની જોગવાઈ છે. જેમાં સુધારો કરતા, ખાનગી મિલ્કતના દસ્તાવેજ થયા પછી ૩–માસમાં નામ ટ્રાન્સફર કરાવી લેવાની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

જે અન્વયે રહેણાંક ખાનગી મિલકતની ટ્રાન્સફર ફી હાલ રૂા.1 લાખે રૂા. 300 વસુલ કરાય છે. જે યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

અને બિનરહેણાંક ખાનગી મિલકતો ટ્રાન્સફર ફી પ્રતિ એક લાખે રૂા. 500 વસુલ કરવા કમિશનરશ્રી તરફથી સુચવવામાં આવેલ છે. જે નામંજુર કરવામાં આવે છે અને હાલના દર પ્રતિ રૂા એક લાખ પર રૂા.300 યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે. દરેક ખાનગી મિલકતના માલિકો ત્રણ માસમાં માત્ર અરજી કરવાથી પેનલ્ટી માફ નહિ થાય જો રકમ ૯૦ દિવસમાં ભરાશે તો જ પેનલ્ટી રૂા.500 ભરવાની રહેશે નહિ.

ઉપર મુજબની મિલ્કતો માટે હાલની પેનલ્ટી રૂા. 500 ને બદલે કમિશનરશ્રીએ સુચવેલ રૂા. 1,000 પેનલ્ટીની રકમ નામંજુર કરવામાં આવે છે અને હાલની પેનલ્ટી રૂા.500 વસુલ કરવાનું યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

– હાલમાં રહેણાંક તથા વાણીજય / ધંધાદારી મિલકતોને પાણી પુરૂ પાડવા માટેનો જરૂરી મહેકમ ખર્ચ, મેઈન્ટેનન્સ, વિજળી વપરાશ, મશીનરી ખર્ચ, સને 2021-2022 દરમ્યાન રૂા. 19.25 કરોડ થવાનો અંદાજ છે. જેમાં પ્રતિ કનેકશન ચાર્જ રૂા. 3,200 જેવો થવાનો અંદાજ છે આમ છતા પાણીવેરામાં કોઈ વધારો સુચવવામાં આવતો નથી, આમછતા જાહેર જનતાને સ્વચ્છ અને શુધ્ધ પીવાનુ પાણી તથા વાપરવાના પાણીની સુવિધા જાળવી રાખવામાં આવશે.

– જૂનાગઢને સ્વચ્છ અને સુંદર બનાવવા તમામ વિસ્તારોમાં 100% ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કરવામાં આવે છે તથા જૂનાગઢના સ્વચ્છતાના માપદંડમાં વધારો કરવા શહેરી લોકોમાં સુકો અને ભીનો કચરો અલગ કરવાની જાગૃતિ માટે સેગ્રીગેશન ફી વસુલ કરવાનું ઠરાવવામાં આવે છે.

– <u>મહાનગરના લોકોની સુખાકારીમાં વધારો કરવા નીચે મુજબ કાર્ય કરવામાં આવશે.</u>

- બગીચાઓ, ટ્રાફીક આયલેન્ડ, વિલીંગડન ડેમ વગેરેનો વિકાસ કરવામાં આવશે તથા જરૂર જણાશે ત્યાં લોક ભાગીદારીથી વિકાસ કરવામાં આવશે તથા વૃક્ષ છેદનની પરમીશન માટે વહીવટી ફી વસુલ કરવામાં આવશે તથા જૂનાગઢના લોકો ડ્રેનેજનો વપરાશ કરતા હોય જેથી ડ્રેનેજ કનેકશન અને જાળવણી ફી નકિક કરવામાં આવેલ છે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

- મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અન્વયે સ્કીલ્ડ મેનપાવર મેળવી આઉટસોર્સીંગ દ્વારા મેનપાવર મેળવવાના થતા ખર્ચમાં અંદાજે ૫૦% જેટલી બચત કરી છે તથા સીધી ભરતી પ્રક્રિયા, આઉટસોર્સ સર્વીસીઝ માટે નાણાકીય જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.
- ટ્રાફીક પ્લાન, શેલ્ટર હાઉસ, 100% ઓનલાઈન ટેક્ષ કલેકશન, સફાઈ ઝુંબેશ માટે મોબાઈલ કોર્ટની રચના, 24 x 7 કન્ટ્રોલ રૂમ શરૂ કરી લોકોની ફરીયાદોનો સત્વરે નિકાલ થશે તથા ટ્રાફીકને હળવો કરવા રેલ્વે આર.ઓ.બી. માટે સરકારી ગ્રાન્ટની જોગવાઈ કરેલ છે.
- જૂનાગઢ–311 સીટીઝન મોબાઈલ એપ ધ્વારા લોકોની ઓનલાઈન ફરીયાદ તથા નિકાલ સતત ચાલુ રહેશે, ટ્રાફીકની જાણકારી મળશે, તમામ ટેક્ષ તથા જાહેર સ્થળોની માહિતી મળશે.
- પદાધિકારી અને ચેરમેનશ્રીઓના કાર્યાલય ખર્ચ અંગે સેક્રેટરીશ્રીને ખર્ચ કરવાની રૂા. 10 લાખની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.
- સ્વસહાય જુથ ધ્વારા ચલાવાતી કેન્ટીન વ્યવસ્થા આધુનિક બનાવી વધારે બહેનોને રોજગારી આપવા પ્રયત્ન કરાશે. મહાનગરપાલિકાની સ્વચ્છતા માટે વોર્ડ દિઠ સ્વસહાય જુથની બહેનોને જોડી રોજગારી પુરી પાડવામાં આવી છે તથા સ્વચ્છતામાં વધારો કરવામાં આવ્યો છે.
- જૂનાગઢ મહાનગરના લોકોની સુવિધા માટે નવા વાહન તથા ફાયર ફાઈટરની ખરીદી કરવામાં આવશે, સરકારી જમીન ખરીદવા માટે જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.
- મહાનગરના લોકોની સુવિધા વધારવા શહેરી શેરી ફેરીયા, ફીલ્મ સીરીયલ શુટીંગ અને નૈકાયાન ફી માંથી વધારાની રૂા.50 લાખની આવક ઉભી કરવાનું ઠરાવવામાં આવે છે.
- મહાનગરના લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરવા તથા જૂનાગઢને વિશ્વના નકશામાં સ્થાન આપવા જૂનાગઢ મેરેથોન અને હેરીટેઝ સેલની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

- **પાણી પુરવઠાનાં પ્રોજેકટ :–**

- જૂનાગઢ શહેરની ભવિષ્યમાં ઉભી થનાર પાણીની જરૂરીયાતને ધ્યાને લઈ અમૃત સ્કીમ અન્વયે આણંદપુર (મેવાસા) ખાતે નવો ઈન્ટેક વેલ તથા પમ્પીંગ મશીનરી, આણંદપુરથી પાદરીયા ટ્રીટમેન્ટ પ્લાન્ટ થઈ આર્દશ નિવાસી શાળા સુધી પાઈપ લાઈન નાખવાની રૂા.19.09 કરોડના ખર્ચે કામગીરી હાલ પ્રગતીમાં છે. જેનાથી નવા ભળેલા અમૃત સ્કીમ અંતર્ગતના નવા ડીસ્ટીબ્યુસન નેટવર્કના જરૂરીયાત મુજબ પાણી વિતરણ કરી શકાશે તથા પાદરીયા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ફીલ્ટર પાણીનું વિતરણ કરી શકાશે.
- અમૃત સ્કીમ અંતર્ગતના વોટર સપ્લાય પ્રોજેકટ ઝોન ૧,૪,૫,૬,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪ તથા ૧૫ માં રૂા.42 કરોડના ખર્ચે 9 ઉંચી ટાંકી, 9 પમ્પીંગ સ્ટેશન, ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક, કમ્પાઉન્ડ વોલ વગેરેની કામગીરી પ્રગતીમાં છે જે પૂર્ણ થયે ૨.૯૦ લાખ લોકોને ઘરેઘરે પુરતા ફોર્સથી પાણીની સુવિધા ઉપલબ્ધ થશે.
- અમૃત યોજના અંતર્ગત રાજીવગાંધી પાર્ક, ઈન્દીરાગાંધી ચીલ્ડ્રન પાર્ક તથા ટીંબાવાડી ગાર્ડનની કામગીરી પૂર્ણ કરેલ છે. દોલતપરા ગાર્ડન માટેની કામગીરી રૂા.1.96 કરોડના કામો પ્રગતીમાં છે. અર્બન ટ્રાન્સપોર્ટ સેકટર અંતર્ગત રૂા.1.60 કરોડના ખર્ચે જુદા જુદા વિસ્તારમાં ફુટપાથ તથા સાઈકલ ટ્રેકની કામગીરી પૂર્ણ કરેલ છે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

- ઝોન 8 અને 9 ના અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કની કામગીરી રૂા. 28.29 કરોડના ખર્ચે પ્રગતીમાં છે.
- 8.2 એમ.એલ.ડી. ક્ષમતાનું સુવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા રૂા. 21.62 કરોડના ખર્ચે કામગીરી પ્રગતીમાં છે.
- જૂનાગઢ શહેરના અમૃત સ્કીમ અંતર્ગત સેન્ટ્રલ એરીયામાં અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને કાળવા નદીના સ્ટમ વોટર ડ્રેનેજ પ્રોજેકટ અન્વયે ફલડ ગેટથી નરસિંહ મહેતા સરોવર સુધી બોકસ કલ્વર્ટ બનાવવા રૂા.15.30 કરોડના ખર્ચે કામગીરી પ્રગતીમાં છે. જેનાથી નરસિંહ સરોવરમાં ભળતા ગટરના પાણીને અટકાવી શકાશે તથા આજુબાજુના રહીશોને ગટરના ગંદા પાણીથી છુટકારો મળશે તથા રોગચાળો અટકાવી શકાશે.
- હાલ અમૃત સ્કીમ અંતર્ગત રૂા. 128.26 કરોડના જુદા જુદા પ્રોજેકટ કામગીરી પ્રગતીમાં છે.

સ્વચ્છ ભારત મીશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટસ

- જૂનાગઢ શહેરમાં હયાત ઈવનગર ડમ્પીંગ સાઈડ ખાતે પડેલા આશરે ચાર લાખ ટન ઘનકચરા માંથી રૂા.2.70 લાખ ટન ઘનકચરાને બાયોમાઈનીંગ પધ્ધતીથી નિકાલ કરવાની કામગીરી રૂા. 8 કરોડના ખર્ચે હાલ પ્રગતીમાં છે. પડતર ઘનકચરાને પ્રોસેસ થયા બાદ બાકી ઈનર્ટ કચરો (જેવો કે લોખંડ, કાચ, તથા અન્ય કચરો) જમીનને પ્રદુષીત ન કરે તથા જમીનની ફળદ્રુપતાને કોઈ નુકશાન ન થાય તે હેતુથી સાઈન્ટીફીક રીતે ડમ્પ કરવા સેનેટરી લેન્ડ ફીલ્ડ સાઈડ બનાવવાની કામગીરી રૂા. 7.91 કરોડના ખર્ચે પ્રગતીમાં છે.
- જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેર માંથી એકત્રીત થતો બાયોડીગ્રેડેબલ વેસ્ટ (લીલો કચરો) ને ૧૫ મેટ્રીક ટન ક્ષમતાના બાયોમીથેનેશન પ્લાન્ટમાં ઉપયોગ કરવામાં આવશે.જે પ્લાન્ટ માંથી પ્રોડકસનના ભાગરૂપે દરરોજનો ૫૦૦ કિલોગ્રામ બાયો CNG તથા ૧૦૦૦ થી ૧૫૦૦ કિલોગ્રામ જેટલુ ઉચ્ચ કક્ષાનું ખાતર ઉત્પાદીત થશે હાલ બાયોમીથેનેશન પ્લાન્ટ બનાવવાની કામગીરી રૂા. 4.69 કરોડના ખર્ચે પ્રગતીમાં છે.

ભુર્ગભ ગટર યોજનાની વિગત :

- જૂનાગઢ શહેરમાં ત્રણ સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૧૪ પમ્પીંગ સ્ટેશન તથા ૮ ઝોનમાં સુવેજ કલેકશનની ૧૧૦ કિલોમીટરની મુખ્ય વહન લાઈનના રૂા. 319.48 કરોડના ખર્ચે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કામગીરી કરાવવામા આવનાર છે. જેનું ખાતમુહર્ત માન.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે કરવામાં આવેલ છે.
- **સને 2020-2021ના બાંધકામ શાખાના ચાલુ કામો**
  - આર્યુવેદીક હોસ્પિટલ સામેથી દાતર રોડ સુધીનો પુલ રૂા.1.88 કરોડ
  - તીરૂપતી સોસાયટીથી કાશીવિશ્વનાથ સોસાયટીનો પુલ રૂા.1.14 કરોડ
  - ભવનાથ મંદિર પાછળ પ્રેરણાધામ સ્લેબ રૂા.0.28 કરોડ
  - વોર્ડ ૧ થી ૧૫ માં પેવર રોડ રોડ રીસરફેસીંગ, સી.સી.રોડ, તથા પેચવર્કનું કામ માટે રૂા.21.32 કરોડ
  - ટીંબાવાડી ખાતે અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું કામ રૂા.2.53 કરોડ

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

- સકરીયા ટીંબા ખાતે કોમ્યુનીટી હોલનું કામ રૂા.2.47 કરોડ
- સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ રૂા.21.63 કરોડ
- ટીંબાવાડી ગાર્ડન બનાવવાનું કામ રૂા.0.25 કરોડ
- વોર્ડ ૧ થી ૧૫ માં સી.સી.રોડ પેવીંગ બ્લોક પેવર રોડ કમ્પાઉન્ડ વોલ તથા ગટરના કામ રૂા.13.39 કરોડ

- **કમિશનરશ્રીની દરખાસ્ત અન્વયે સને 2021-2022 માં સરકારી ગ્રાન્ટ અન્વયે બાંધકામ શાખા ધ્વારા નીચે મુજબના પ્રોજેકટ હાથ ધરવાનું ઠરાવવામાં આવે છે.**
  - જોષીપુરા રેલ્વે ફાટક તથા બસસ્ટેશન પાસે ઓવરબ્રિજ બનાવવાનું કામ રૂા.125 કરોડ
  - નરસિંહ તળાવ બ્યુટીફીકેશન રૂા.20 કરોડ
  - વડાલ જૂનાગઢ રેલ્વે ક્રોસીંગ ૧૦૦૦ એમ.એમ. ડાયામીટર પાઈપ લાઈન (ગટરનું કામ) રૂા.0.78 કરોડ
  - દામોદાર કુંડ સામેના રસ્તા પર બોકસ કલ્વર્ટ બનાવવાનું કામ રૂા.1.91 કરોડ
  - જૂનાગઢના જુદા જુદા ગાર્ડન તથા સર્કલ ડેવલોપ કરવાનું કામ રૂા.0.74 કરોડ
  - શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર પ્રીકાસ્ટ ડીવાઈડર મુકવાનું કામ રૂા.1.10 કરોડ
  - નવુ ફાયર સ્ટેશન બનાવવાનું કામ રૂા.1.29 કરોડ
  - શહેરના પીકઅપ સ્ટેન્ડ સુધારણાનું કામ રૂા.0.50 કરોડ
  - ધારાગઢ બ્રિજનું કામ રૂા.0.50 કરોડ
  - વોર્ડ ૧ થી ૧૫ ના અન્ય સીવીલ કામો રૂા.15.39 કરોડ
  - સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા.10 કરોડના રસ્તાના કામો કરવા ફંડ માંગવામાં આવેલ છે.
  - સરકારશ્રી ધ્વારા સને ૨૦૧૯–૨૦ ના વર્ષમાં આઉટગ્રોથ માટે ફાળવેલ રૂા. ૫ કરોડ અંતર્ગત છેલ્લા દસ વર્ષમાં મ.ન.પા.માં ભળેલ નવા વિસ્તારોના વિકાસ કામો માટે મંજુર કરવામાં આવેલ છે.
  - ૧૫મું નાણાપંચની સને ૨૦૨૦–૨૧ ની ગ્રાન્ટ અંતર્ગત સરકારશ્રી ધ્વારા ફાળવેલ રૂા. 8.69 કરોડ સરકારના માર્ગદર્શન મુજબ પીવાના પાણીનું તથા સોલીડ વેસ્ટના કામો મંજુર કરવામાં આવશે.
  - જનરલ બોર્ડ,સ્થાયી સમિતી તેમજ જુદી–જુદી ૧૪–ખાસ સમિતીનાં એજન્ડા હાર્ડ કોપી આપવામાં આવે છે તેમા સ્ટેશનરી તેમજ સમયનો વ્યય થાય છે જે ધ્યાને લઈ, એજન્ડાની હાર્ડ કોપીને બદલે સોફ્ટ કોપી(ઈ–મેઈલ) / વોટસએપ / એસએમએસ માં મોકલાવવાનું ઠરાવવામાં આવે છે.
  - તા.૧/૪/૨૦૨૧થી જૂનાગઢ મહાનગરપાલિકાના તમામ ઠરાવો ઓનલાઈન જોવા મળશે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

❖ પત્રક–૧ સામાન્ય કર (ઘરવેરા)

– ક્રમ નં.૨માં રહેણાંક ખુલ્લા પ્લોટ ઉપરના ચાર્જના દરમાં વધારો કરી કમિશ્નરશ્રીએ રૂા.૧૦/– પ્રતિ ચો.મી. સુચવેલ છે. જે નામંજુર કરવામાં આવે છે અને હાલના દર રૂા.૪/– પ્રતિ ચો.મી.યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

– ખુલ્લા પ્લોટની વ્યાખ્યા આ મુજબ રહેશે :– જેની અંદર કોઈપણ ડેવલોપમેન્ટ / બાંધકામ થયેલ ન હોય તેને ખુલ્લો પ્લોટ ગણવાનો રહેશે. કોઈપણ પ્લોટમાં બાંધકામ થયેલ હોય તો જે બાકી માર્જીન મુકેલ હોય તેને ખુલ્લો પ્લોટ ગણી વેરો વસુલી શકાશે નહી. જે મુજબ જી.આઈ.ડી.સી. અને શૈક્ષણિક સંસ્થાઓ માં આવેલ વધારાની ખુલ્લી જગ્યા / મેદાનનો વેરો વસુલી શકાશે નહી.

– ક્રમ નં.૧૪–બ ખાનગી મિલ્કતોની નામ ટ્રાન્સફર ફી (બિન રહેણાંક) જેમાં કમિશ્નરશ્રીએ દસ્તાવેજ પર પ્રતિ એક લાખ પર રૂા.૫૦૦/–ના ગુણાંકમાં સુચવેલ છે જે નામંજુર કરવામાં આવે છે અને હાલના દર દસ્તાવેજ પર પ્રતિ એક લાખ પર રૂા.૩૦૦/–ના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

– ક્રમ નં.૧ તથા ૩ થી ૧૩ અને ૧૪–અ, ૧૫માં કોઈ સુધારો સુચવેલ નથી જેના હાલના દરો યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

ક્રમ	વેરાનો પ્રકાર	હાલનો દર રૂા.	કમિશનરશ્રીએ સુચવેલ દર રૂા.	સ્થાયી સમિતીએ મંજુર કરેલ અને સુચવેલ દર રૂા.
1	2	3	4	5
2	રહેણાંક ખુલ્લા પ્લોટ	૪/–(પ્રતિ ચો.મી.)	૧૦/–(પ્રતિ ચો.મી.)	૪/–(પ્રતિ ચો.મી.)
14	અ– ખાનગી મિલકતોની નામ ટ્રાન્સફર ફી (રહેણાંક)	દસ્તાવેજ પર પ્રતિ–૧(એક) લાખ પર ૩૦૦/– ના ગુણાંકમાં	દસ્તાવેજ પર પ્રતિ–૧(એક) લાખ પર ૩૦૦/– ના ગુણાંકમાં	દસ્તાવેજ પર પ્રતિ–૧(એક) લાખ પર ૩૦૦/– ના ગુણાંકમાં
	બ– ખાનગી મિલકતોની નામ ટ્રાન્સફર ફી (બિનરહેણાંક)	દસ્તાવેજ પર પ્રતિ–૧(એક) લાખ પર ૩૦૦/– ના ગુણાંકમાં	દસ્તાવેજ પર પ્રતિ–૧(એક) લાખ પર ૫૦૦/– ના ગુણાંકમાં	દસ્તાવેજ પર પ્રતિ–૧(એક) લાખ પર ૩૦૦/– ના ગુણાંકમાં

(૧) જી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ ૧૪૧–ક(અ) મુજબ ૧૮% ના દરે બાકી રહેતા સામાન્ય કર પર સાદુ વ્યાજ જોગવાઈ મુજબ વસુલ કરવામાં આવશે.

(૨) દસ્તાવેજ થયા પછી મિલકત ખરીદનારે ત્રણ માસમાં નામ ટ્રાન્સફર કરાવી લેવાનું રહેશે. દસ્તાવેજની કિંમતના પ્રતિ એક લાખ રૂપિયાએ રૂા.૩૦૦/– (રહેણાંક) તથા રૂા.૩૦૦/– (બિન રહેણાંક) નામ ટ્રાન્સફર ફી વસુલવામાં આવશે. ત્રણ માસ બાદ રૂા.૫૦૦/– દંડ વસુલ કરવામાં આવશે, તથા નામ ટ્રાન્સફર ફી દસ્તાવેજની કિંમત મુજબ રૂા.૫૦૦/– થી ઓછી થતી હોય, તો મીનીમમ રૂા.૫૦૦/– વસુલ કરવામાં આવશે.જો અરજદાર નામ ટ્રાન્સફર માટેની અરજી રજુ કર્યા બાદ ત્રણ માસમાં ફી ભરી આપવાની રહેશે અન્યથા નિયમ મુજબ પેનલ્ટી ભરવાની રહેશે, ઉતરોતર દસ્તાવેજમાં નામટ્રાન્સફર ન કરેલ હોય તો ઉતરોતર જેટલા દસ્તાવેજ હોય તે મુજબ રૂા.૫૦૦/– દંડ કરી અને ફી વસુલવાનું ઠરાવવામાં આવે છે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

(૩) જૂનાગઢ મહાનગરપાલિકામાં વસતા જૂનાગઢ આરઝી હકુમતના સ્વાતંત્રીય સેનાનીઓને તેઓના નામે અથવા તેમના વારસદારના નામે જૂનાગઢ શહેરમાં આવેલ તેમની એક મિલકત (ઘર) ને હાઉસટેક્ષ માંથી ૧૦૦% મુકિત આપવી તેમજ જૂનાગઢ શહેરમાં વસ્તા ચાલુ નોકરી અથવા શહીદ થયેલા સૈન્યના વિર જવાનોને ઘરવેરામાં ૧૦૦% માફી આપવી, શહીદ જવાનના પિતા / માતા / પત્ની / અપરણીત બાળકો પૈકી એક મિલકતને ઘરવેરામાં માફી આપવામાં આવશે તથા દિવ્યાંગ નાગરીકો જે ૫૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેઓને સરકારશ્રીના પ્રમાણપત્રના આધારે પોતાના નામની કોઈપણ એક મિલકત હોય તેવી મિલકત માટે ઘરવેરા માંથી ૧૦૦% મુકિત આપવામાં આવે છે. પરંતુ આવા મિલકત ધારકોની જો મહાનગર જૂનાગઢમાં એકથી વધુ મિલકત આવેલ હોય તો તેઓ જયાં વસવાટ કરતા હોય તેવી મિલકતો સીવાય અન્ય જગ્યાએ આવેલ મિલકતમાં ઘરવેરા માફી કરાવેલ નથી તેવા પ્રકારનું સોગંદનામુ અરજદારોએ રજુ કરવાનું રહેશે ત્યાર બાદ તેઓની ફકત એક મિલકતમાં માફી આપવામાં આવશે.

(૪) બાંધકામ મંજુરીની / રીન્યુની સમય મર્યાદા પુરી થાય ત્યારથી હાઉસટેક્ષ ગણવો અને તે પ્રમાણે વસુલવ કરવામાં આવશે.

(૫) કેન્દ્ર સરકારની મિલકત પર સર્વીસ ચાર્જ શહેરી વિકાસ વિભાગના પર્વતમાન પરીપત્ર મુજબ વસુલવ કરવામાં આવશે.

(૬) જૂનાગઢ મ.ન.પા.હદ વિસ્તારમાં આવેલ કાયમી બંધ રહેતી મિલકતોને જી.પી.એમ.સી.એકટની કલમ–૫૬(૨) મુજબ ૬૬% રાહત આપવામાં આવે છે પરંતુ આવી મિલકતોની પાછલુ માંગણુ બાકી હોય તો તે ભરપાઈ કર્યા બાદ જ આવી રાહત આપી શકાશે અન્યથા માંગણી ગ્રાહય રહેશે નહિ.

(૭) ઘરવેરા મિલ્કત નામ ટ્રાન્સફરમાં બક્ષીસ દસ્તાવેજ કે સીધીલીટીના વારસાઈ દસ્તાવેજ (બીન અવેજ) રજુ કરે તો નામ ટ્રાન્સફર ફી રૂા.૫૦૦/– (ફિકસ) + G.S.T. વસુલ કરવી. પરંતુ જો અવેજ સાથે હોય તો નિયમાનુસાર નામ ટ્રાન્સફર ફી વસુલ કરવી.

❖ **પત્રક–૨ (સફાઈ કર)**માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જો કોઈ મિલકતની અંદર માલીક ઉપરાંત ભાડુઆત હશે તો તેનો સફાઈ કર અલગથી ગણવામાં આવશે.

(૨) સફાઈ કર પ્રતિવર્ષ સામાન્ય કરની સાથે જૂનાગઢ મ.ન.પા.ની હદમાં આવેલ તમામ કર પાત્ર મિલકત ધારકોને લાગુ પડશે.

❖ **પત્રક–૩ (દિવાબતી ચાર્જ)**માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

નોંધ :– (૧) જો કોઈ રહેણાંક મિલકતની અંદર મકાન માલીક ઉપરાંત જો કોઈ ભાડુઆત હશેતો તેનો દિવાબતી ચાર્જ અલગથી ગણવામાં આવશે.

(૨) દિવાબતી ચાર્જ પ્રતિ વર્ષ સામાન્ય કરની સાથે વસુલવામાં આવશે.

(૩) દિવાબતી ચાર્જ જૂનાગઢ કોર્પોરેશનની હદમાં આવેલ તમામ કરપાત્ર મિલકત ધારકોને લાગુ પડશે.

❖ **પત્રક–૪ (ફાયર સેફટી ચાર્જ)** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જો કોઈ રહેણાંક મિલકતની અંદર મકાન માલીક ઉપરાંત જો કોઈ ભાડુઆત હશેતો તેનો ફાયર સેફટી ચાર્જ અલગથી ગણવામાં આવશે.

(૨) ફાયર સેફટી ચાર્જ પ્રતિ વર્ષ સામાન્ય કરની સાથે વસુલવામાં આવશે.

(૩) ફાયર સેફટી ચાર્જ જૂનાગઢ કોર્પોરેશનની હદમાં આવેલ તમામ કરપાત્ર મિલકત ધારકોને લાગુ પડશે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા–જૂનાગઢ.

❖ **પત્રક–૫ યુઝર ચાર્જ (ડોર ટુ ડોર ગાર્બેજ)** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જો કોઈ રહેણાંક મિલકતની અંદર મકાન માલીક ઉપરાંત જો કોઈ ભાડુઆત હશેતો તેનો યુઝર ચાર્જ અલગથી ગણવામાં આવશે.

(૨) યુઝર ચાર્જ પ્રતિ વર્ષ સામાન્ય કરની સાથે વસુલવામાં આવશે.

(૩) યુઝર ચાર્જ જૂનાગઢ કોર્પોરેશનની હદમાં આવેલ તમામ કરપાત્ર મિલકત ધારકોને લાગુ પડશે.

❖ **પત્રક– ૬ (ડ્રેનેજ ફી :– 'અ')** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

❖ **ડ્રેનેજ કનેકશન ફી (એકજ વખત) 'બ'** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

જી.પી.એમ.સી.એકટની કલમ ૧૪૧/(કક) મુજબ ઘરવેરા શાખાએ હાલના મિલકત ધારકો ઉપર આ વર્ષના બિલમાં ઉપરોકત ડ્રેનેજ કનેકશન ફી (બ) મુજબ લગાડી સામાન્ય કર સાથેજ વસુલ કરવાનો રહેશે.નવી મિલકતની આકારણી સમયે પ્રથમ વખત ડ્રેનેજ કનેકશન ફી (બ) મુજબ વસુલવાની રહેશે. જયારે દરેક મિલકત ધારકો ઉપર ડ્રેનેજ ફી (અ) મુજબ જ બિલમાં લગાડવાની રહેશે. આ અંગે ડ્રેનેજ / બાંધકામ શાખા / વોટર વર્કસ શાખા સાથે સંકલન કરી સ્થળ તપાસ કરી કનેકશનની ફી લેવાની રહેશે. જો મિલકત ધારક ઉપરાંત જો ભાડુઆત હોય તો પત્રક–બ મુજબ વસુલાત કરવાની રહેશે. હા.ટે.જા.નં.૨૧૦૭ તા.૨૧–૨–૨૦૨૦ થી બાંધકામ તથા વો.વ.શાખા માંથી આ અંગે માહિતી માંગેલ પરંતુ આજદિન સુધી માહિતી મળેલ ન હોય જેના કારણે સને ૨૦૨૦–૨૧ માં કર લાગુ કરી શકાય તેમ નથી ફરીથી હા.ટે.જા.નં.૧૨૭૯ તા.૧૮–૧–૨૦૨૧ થી માહિતી માંગવામાં આવેલ જો તે બન્ને શાખા ધ્વારા તા.૧–૪–૨૦૨૧ પહેલા માહિતી મળશે તો જ સને ૨૦૨૧–૨૨ માં ડીમાન્ડ કરી કર વસુલ કરી શકાય.

– ઉપર મુજબની રજુઆત ધ્યાને લેતા, NGT ની ગાઈડ લાઈન પ્રમાણે જયાં ડ્રેનેજ વ્યવસ્થા / સુવિધા આપવામાં આવેલ હોય ત્યાં જ ડ્રેનેજ કનેકશન ફી લેવી.

ડ્રેનેજ / બાંધકામ શાખા / વોટર વર્કસ શાખાએ સંકલન કરી માંગેલ માહિતી બાંધકામ શાખાએ તથા વોટર વર્કસ શાખાએ પુરી પાડવી અને તા.૧/૪/૨૦૨૧ પહેલા માહિતી પુરી પાડવી. આ અંગે માહિતી પુરી પાડવામાં ન આવે અને સને.૨૦૨૧–૨૨માં ડીમાન્ડ કરી ન થઈ શકે તો જે–તે શાખા અધિકારીશ્રીની જવાબદારી નકકી કરી તેઓ સામે જી.પી.એમ.સી.એકટ મુજબ નિયમાનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

❖ **પત્રક–૭ (વૃક્ષ છેદન ફી)** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ઉપરોકત ફી ખાનગી માલિકીની જમીન / મિલકત, સરકારી મિલકતો કે કોર્મશીયલ મિલકતો પર ફકત મંજુરી મેળવવા માટેની રહેશે.

(૨) મહાનગરપાલિકા ધ્વારા વૃક્ષ કાપવાની મંજુરી આપ્યા બાદ જો આસામી ધ્વારા ડાળી ડાંખળા દુર કરવામાં નહિ આવે તો તેના નિકાલ માટે અલગથી પ્રતિ ટનના રૂા.૪૦૦/– વસુલ કરવામાં આવશે.

(૩) કપાયેલ વૃક્ષના લાકડા સોનાપુર ખાતે જેતે આસામીએ વજન કાટામાં વજન કરાવીને પહોંચાડવાના રહેશે તેમજ જમા પહોંચ મેળવી લેવાની રહેશે.

(૪) નડતર રૂપ ઝાડ માટે મહાનગરપાલિકા ધ્વારા સ્થળ તપાસ કરી માત્ર સુકુ કે નિર્જીવ કે નડતર રૂપ હોય તો જ ઝાડ / ડાળ કાપવાની મંજુરી આપવાની રહેશે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

❖ પત્રક–૮ (રેવન્યુ ટેક્ષ શાખા)

- **પરિશિષ્ટ–૧ (લાયસન્સનો પ્રકાર)** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.
- **પરિશિષ્ટ–૨** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

હંગામી ધોરણે પરચુરણ ચીજવસ્તુઓ વેચનારને જગ્યા ભાડે રાખવા માટે દૈનીક રૂા.૧૦૦/– લેખે ભાડુ ચુકવવાનુ રહેશે.

- **પરિશિષ્ટ–૩ (જાહેરાત ના હોડીગ બોર્ડ / સાઈનેશ બોર્ડ / એલ.ઈ.ડી. બોર્ડ)** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઉપરોકત ભાવ અપ–સેટ પ્રાઈઝ તરીકે મંજુર કરવાના રહેશે જે આસામી બોલીમાં વધુ ભાવ આપશે, અને અપ–સેટ ભાવ કરતા હરીફાઈ યુકત બોલી બોલે તેને જાહેરાતનું બોર્ડ આપવામાં આવશે.

- **પરિશિષ્ટ–૪ (જાનવર કતલના દર)** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.
- **પરિશિષ્ટ–૫ (વ્હીલ ચાર્જ)** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.
- **પરિશિષ્ટ–૬ (રેવન્યુ ટેકસ વિભાગ ઈમારત / જમીન ભાડા)** ના ક્રમ નં.૧ થી ૫ માં કમિશનરશ્રી ધ્વારા કોઈ સુધારો સુચવેલ નથી જેમા હાલના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

ક્રમ નં.૬ (ફિલ્મ તથા સીરીયલ માટે શુટીંગના મ.ન.પા.વિસ્તારમાં) પ્રતિ દિનના રૂા.૫૦૦૦/– હાલના દર છે.જે વધારો કરી કમિશનરશ્રીએ પ્રતિદિન ના રૂા.૧૦,૦૦૦/– સુચવેલ છે તે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

રેવન્યુ – ટેક્ષ વિભાગ પરિશિષ્ટ – 6				
ક્રમ	લાગતનુ નામ	હાલનો દર	કમિશનરશ્રીએ સુચવેલ દર	સ્થાયી સમિતીએ મંજુર કરી સુચવેલ દર
1	ઈમારત ભાડુ (ઈમારત–૫૬૪, વાર્ષિક – ઉપજ)	સને ૨૦૧૯–૨૦ ના દર મુજબ	સને ૨૦૧૯–૨૦ ના બજેટ મુજબ	સને ૨૦૧૯–૨૦ ના બજેટ મુજબ
2	જમીન ભાડુ (જમીન–૨૧૨, વાર્ષિક –ઉપજ)	સને ૨૦૧૯–૨૦ ના દર મુજબ	સને ૨૦૧૯–૨૦ ના બજેટ મુજબ	સને ૨૦૧૯–૨૦ ના બજેટ મુજબ

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

3	વિવેકાનંદ હાઈસ્કુલ નુ મેદાન(સ્પોર્ટસ સંકુલ) (જી.એસ.ટી. ૧૮% તથા સફાઈ ચાર્જ ૧,૦૦૦/–, એક દિવસની ડિપોઝીટ રૂા.૫,૦૦૦/– તથા પ્રતિ યુનીટ લાઈટ બિલ રૂા.૧૦/– અલગથી લેવાના રહેશે.)	એક દિવસના રમત માટે ૧,૦૦૦/– કોર્મશીયલ વપરાશ માટે ૫,૦૦૦/–	એક દિવસના રમત માટે ૧,૦૦૦/– કોર્મશીયલ વપરાશ માટે ૫,૦૦૦/–	એક દિવસના રમત માટે ૧,૦૦૦/– કોર્મશીયલ વપરાશ માટે ૫,૦૦૦/–
4	હાજીયાણી બાગ નુ મેદાન પાર્ટી પ્લોટ સાથે (જી.એસ.ટી.૧૮% તથા સફાઈ ચાર્જ ૨૦૦૦/– અલગથી લેવાના રહેશે.)	પ્રતિ ચો.મી.ના ૨.૫૦	પ્રતિ ચો.મી.ના ૨.૫૦	પ્રતિ ચો.મી.ના ૨.૫૦
5	શ્રી શામળદાસ ગાંધી ટાઉનહોલ	પત્રક મુજબ વસુલાત	પત્રક મુજબ વસુલાત	પત્રક મુજબ વસુલાત
6	ફિલ્મ તથા સીરીયલ માટે શુટીંગના મ.ન.પા. વિસ્તારમાં	પ્રતિ દિન રૂા.૫,૦૦૦/–	પ્રતિ દિન રૂા.૧૦,૦૦૦/–	પ્રતિ દિન રૂા.૧૦,૦૦૦/–
<u>નોંધ</u> :– (૧) ઈમારત ભાડા તથા જમીન ભાડા ઉપર બાકી રહેતા ભાડાની રકમ ઉપર દર સેકડે ૧૮% ચકવૃધ્ધિ વ્યાજ વસુલ કરવામા આવશે. (૨) સરકારશ્રી ના નિયમોને આધિન રહી જમીન ભાડા તથા ઈમારત ભાડા ઉપર જી.એસ.ટી. વસુલ કરવામાં આવશે. (૩) રેવન્યુ ટેક્ષ શાખા ના ફી ની વસુલાત માટે આવતા ચેક કોઈપણ કારણસર બેંક માંથી રીર્ટન થશે તો દૈનીક રૂા.૧૦૦/– લેખે ચાર્જ વસુલવામાં આવશે.				

❖ **પત્રક–૯ (રેવન્યુ ટેક્ષ શાખા)** જૂનાગઢ મહાનગરપાલિકા હસ્તકની મિલ્કતોની ટ્રાન્સફર ફીમાં કમિશનરશ્રી તરફથી કોઈ સુધારો સુચવેલ નથી.જેમાં હાલની ટ્રાન્સફર ફી યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

1	મહાનગરપાલિકા ની મીલકત માં ફેરફાર કરવો હોય તો પ્રવર્તમાન ભાડાના દરમાં ૫૦ ટકા નો વધારો કરવો તથા ૫૦ ટકા ટ્રાન્સફર ફી લેવી
2	જે સ્થળે ઓટલા ભાડે આપેલ હોય, (મોટી શાક માર્કેટ તથા મટન માર્કેટ) માં ન્યુનતમ દૈનિક રૂા.૧૦/– વસુલ લેવા
3	રીન્યુઅલ સમયે ભાડા પટ્ટાની મુદત જો પાંચ વર્ષ માટે વધે તો ૧૫% અને આઠ વર્ષ માટે વધે તો ૨૫% ભાડામાં વધારો કરવાનો રહેશે.
4	અગાઉના નામ ટ્રાન્સફરની પેન્ડીંગ અરજીઓની ફી નવા સને ૨૦૨૧–૨૨ના બજેટને આધિન વસુલ કરવામાં આવશે.
5	સરકારશ્રીનો ૧૮% જી.એસ.ટી.અલગથી ભરપાઈ કરવાનો રહેશે તથા સ્થાયી સમીતી ઠરાવ નં.૪૦૩ તા.૩૧–૩–૧૭ અને વહીવટી મંજુરી નં.૨૫ તા.૧૮–૪–૧૭ ના રોજથી શરત ભંગ પેનલ્ટી નામ ટ્રાન્સફર ફીના ૧૦% રકમ ભરપાઈ કરવાની રહેશે.
6	જોષીપરા કોર્મશીયલ કોમ્પલેક્ષ તૈયાર થઈ જાય અને નામ ટ્રાન્સફર કરવાનું થાય તો બજેટમાં સુચવેલ દરોએ ટ્રાન્સફર ફી તથા અન્ય કરવેરા વસુલ કરવાના રહેશે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા–જૂનાગઢ.

❖ **પત્રક–૧૦ (રેવન્યુ ટેક્ષ શાખા)** જૂનાગઢ મહાનગરપાલિકા હસ્તકની જમીન ભાડાની મિલ્કતો ની ટ્રાન્સફર ફીમાં કમિશનરશ્રી તરફથી કોઈ સુધારો સુચવેલ નથી.જેમાં હાલની ટ્રાન્સફર ફી યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

1	મહાનગરપાલિકા ની મીલકત માં ફેરફાર કરવો હોય તો પ્રવર્તમાન ભાડાના દરમાં ૫૦ ટકા નો વધારો કરવો તથા ૫૦ ટકા ટ્રાન્સફર ફી લેવી
2	જે સ્થળે ઓટલા ભાડે આપેલ હોય, (મોટી શાક માર્કેટ તથા મટન માર્કેટ) માં ન્યુનતમ દૈનિક રૂા.૧૦/– વસુલ લેવા
3	રીન્યુઅલ સમયે ભાડા પટ્ટાની મુદત જો પાંચ વર્ષ માટે વધે તો ૧૫% અને આઠ વર્ષ માટે વધે તો ૨૫% ભાડામાં વધારો કરવાનો રહેશે.
4	અગાઉના નામ ટ્રાન્સફરની પેન્ડીગ અરજીઓની ફી નવા સને ૨૦૨૧–૨૨ના બજેટને આધિન વસુલ કરવામાં આવશે.
5	સરકારશ્રીનો ૧૮% જી.એસ.ટી.અલગથી ભરપાઈ કરવાનો રહેશે તથા સ્થાયી સમીતી ઠરાવ નં.૪૦૩ તા.૩૧–૩–૧૭ અને વહીવટી મંજુરી નં.૨૫ તા.૧૮–૪–૧૭ ના રોજથી શરત ભંગ પેનલ્ટી નામ ટ્રાન્સફર ફીના ૧૦% રકમ ભરપાઈ કરવાની રહેશે.
6	(ક્રમ નં.૭ જોષીપરા ગટર ઉપરની દુકાન ૧ થી ૮૮ સ્થળ ઉપર નથી સ્થળ ખુલ્લુ કરવામાં આવેલ છે.) જોષીપરા કોર્મશીયલ કોમ્પલેક્ષ તૈયાર થઈ જાય અને નામ ટ્રાન્સફર કરવાનું થાય તો બજેટમાં સુચવેલ દરોએ ટ્રાન્સફર ફી તથા અન્ય કરવેરા વસુલ કરવાના રહેશે.

– વારસાઈ કે બક્ષીસના કિસ્સામાં પણ નામ ટ્રાન્સફર ફી નિયમાનુસાર લેવાની રહેશે.

❖ **પત્રક–૧૧ (રેવન્યુ ટેક્ષ શાખા)** જૂનાગઢ મહાનગરપાલિકાની માલીકીના શ્રી શામળદાસ ગાંધી ટાઉન હોલના ભાડા સબબનું પત્રક.

– ક્રમ નં.૧ થી ૪ તથા ૬ માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. જેના હાલના દર યથાવત રાખવામાં આવે છે.

– ક્રમ નં.૫ વિજ વપરાશ ૧–યુનિટના દર કમિશનરશ્રી ધ્વારા રૂા.૧૦/– સુચવેલ છે. જે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

ક્રમ	વિગત	હાલનો દર રૂા.	કમિશનરશ્રીએ સુચવેલ દર	સ્થાયી સમિતીએ મંજુર કરેલ અને સુચવેલ દર
1	2	3	4	5
1	ટાઉનહોલ એ.સી. સાથે (સ્ટ્રેચર લાઈટ વગર) (પાર્કીંગ, સફાઈ સાથે)	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૦,૦૦૦/–	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૦,૦૦૦/–	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૦,૦૦૦/–
2	ટાઉનહોલ એ.સી. સાથે (સ્ટ્રેચર લાઈટ સાથે) (પાર્કીંગ, સફાઈ સાથે)	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૨,૫૦૦/–	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૨,૫૦૦/–	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૨,૫૦૦/–

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

3	કોન્ફરન્સ હોલ (એ.સી.સાથે) (૪૦ થી ૫૦ સીટ)	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૩,૦૦૦/–	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૩,૦૦૦/–	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૩,૦૦૦/–
4	ડિપોઝીટની રકમ હાલમાં ભાડા ઉપરાંત	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૫,૦૦૦/–	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૫,૦૦૦/–	પાંચ કલાકના કાર્યક્રમ માટે રૂા.૧૫,૦૦૦/–
5	વિજવપરાશ ૧ યુનીટના દર	પી.જી.વી.સી.એલ. ના પર્વતમાન કોર્મશીયલ યુનીટના દર મુજબ	રૂા.૧૦/–	રૂા.૧૦/–
6	જી.એસ.ટી. ૧૮%	કુલ ભાડાના ૧૮% (સરકારશ્રીના નિયમોને આધીન)	કુલ ભાડાના ૧૮% (સરકારશ્રીના નિયમોને આધીન)	કુલ ભાડાના ૧૮% (સરકારશ્રીના નિયમોને આધીન)

ટાઉન હોલ ડિપોઝીટ પરત કરવાની પ્રક્રિયા ખુબ લાંબી હોય, જેને સરળ બનાવવા ટાઉનહોલ ડિપોઝીટ પરત કરવાની સત્તા રેવન્યુ ટેક્ષ સુપ્રી.ને આપવામાં આવશે તથા ડી.ઓ.શ્રીની સહી રેવન્યુ ટેક્ષ સુપ્રી.ની રહેશે.

વોટર વર્કસ શાખા

❖ પત્રક–૧૨ (વોટર વર્કસ શાખા)

– **પરિશિષ્ટ–એ.** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. જેના હાલના દર યથાવત રાખવામાં આવે છે.

– **પરિશિષ્ટ–બી. (રસ્તો તોડવા તથા રીપેર કરવાના પ્રસંગે લેવાનો ચાર્જ)** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. જેના હાલના દર યથાવત રાખવામાં આવે છે.

❖ પત્રક–૧૩ (વોટર વર્કસ શાખા) પીવાના પાણીના ટેન્કરનો ચાર્જ) માં

કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. જેના હાલના દર યથાવત રાખવામાં આવે છે.

– **પીવાના પાણીના બલ્ક કનેકશનનો ચાર્જ :–** માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. જેના હાલના દર યથાવત રાખવામાં આવે છે.

નવા ભળેલ વિસ્તાર તથા જૂનાગઢ શહેરી વિસ્તારમાં એપાર્ટમેન્ટમાં નવા નળ કનેકશન આપવા બાબત નોંધ : (એ) એપાર્ટમેન્ટમાં નવુ નળ કનેકશન લેવાનું થતુ હોય તો જેતે એપાર્ટમેન્ટમા વ્યકિતગત બ્લોકમાં નળ કનેકશન આપવામાં આવશે નહિ, તથા પ્રમુખશ્રીની અરજીમાં બ્લોકના યુનિટની સંખ્યા દર્શાવી અરજી કર્યેથી પ્રમુખશ્રીના નામે નળ કનેકશન મળી શકશે તથા એપા.ના બ્લોક દીઠ અડધા કનેકશનનો ધરવપરાશનો વાર્ષિક ચાર્જ વસુલવામાં આવશે, તથા કનેકશન લેવાનું હોય કે એપાર્ટમેન્ટ ધ્વારા અન્ડરગ્રાઉન્ડ સમ્પની વ્યવસ્થા કરવાની રહેશે જે સંમ્પમાં પાણી સપ્લાય કરવામાં આવશે અને કનેકશનની સાઈઝ મુજબ જોડાણ ફી લેવામાં આવશે, એપાર્ટમેન્ટમાં આવેલ કોર્મશીયલ દુકાનોમાં અલગથી કોર્મશીયલ ચાર્જ લગાડી અડધાનું કનેકશન આપી શકાશે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા, જૂનાગઢ.

(બ) જૂ.મ.ન.પા. હદ વિસ્તારમાં આવતી સોસાયટી હસ્તકના નટવર્કની પાણીની લાઈનનું જોડાણ કર્યેથી સોસાયટીના રહીશોને રેસીડેન્સીયલ સાઈઝ પ્રમાણેના ચાર્જ મુજબ વાર્ષિક પાણી ફી લાગુ પડશે, તથા નવા નળ કનેકશન જોડાણ ફી મુજબનો ચાર્જ ભરવાનો રહેશે.

(સી) સોસાયટીના કોમન સમ્પમાં જોડાણ કર્યેથી નળકનેકશન જોડાણ પ્રમુખશ્રીના નામે કરવાનું રહેશે. તથા સોસાયટીની મિલકત જો હોય તો જે તે મિલકત વેરાના બિલમાં વાર્ષીક ફી જોડાણની સાઈઝ પ્રમાણે ચાર્જ વસુલ કરવાનો રહેશે.

❖ પત્રક–૧૪ (વોટર વર્કસ શાખા)

સ્વીમીંગ પુલ :– માં કમિશનરશ્રીએ કોઈ સુધારો સુચવેલ નથી. જેના હાલના દર યથાવત રાખવામાં આવે છે.

❖ પત્રક–૧૫ (ફાયર શાખા) ફાયર ફાઈટર તથા એમ્બ્યુલન્સની ફીના દરો :–

– ફાયર ફાઈટરની ફીના દરો :– કમિશનરશ્રી તરફથી ક્રમ નં.૧ થી ૩ તથા ૫,૬માં સુચવેલ અને ૭ (બ)માં સુચવેલ સુધારો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.તથા ક્રમ નં.૪માં કમિશનરશ્રી ધ્વારા કોઈ સુધારો સુચવેલ નથી. જે યથાવત રાખવામાં આવેલ છે. તેમજ ક્રમ નં.૭(અ)માં સુચવેલો સુધારો નામંજુર કરી જુના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

– ફાયર ફાઈટરના ફીના દર :–

ક્રમ	વિગત	હાલના દર		કમિશનરશ્રી એ સુચવેલ દર		સ્થાયી સમિતીએ મંજુર કરેલ અને સુચવેલ દર	
		મ્યુ. ની હદ માં	મ્યુ. ની હદ બહાર	મ્યુ. ની હદ માં	મ્યુ. ની હદ બહાર	મ્યુ. ની હદ માં	મ્યુ. ની હદ બહાર
1	2	3	4	5	6	7	8
1	ફાયર ફાઈટર (૧ ફેરાના)	ફ્રી	1500	ફ્રી	2000	ફ્રી	2000
2	ફાયર ફાઈટર – રીટર્ન પ્રતિ ૧ કિ.મી.	ફ્રી	50	ફ્રી	60	ફ્રી	60
3	ફોમ ટેન્કર ફેરા ૧ ના	ફ્રી	1500	ફ્રી	2000	ફ્રી	2000
4	પ્રતિ એક લીટર ફોમ (ફીણ)ના	ફ્રી	500	ફ્રી	500	ફ્રી	500
5	પ્રતી ૧ કિ.મી. ચાર્જ	ફ્રી	50	ફ્રી	60	ફ્રી	60
6	ફાયર ફાઈટર રોકાણ ચાર્જ પ્રથમ ૩૦ મીનીટ બાદ કરતાં વધારાના દરેક કલાક માટે	ફ્રી	300	ફ્રી	500	ફ્રી	500
7	અ – ફાયર ફાઈટર બંદોબસ્ત પ્રાઈવેટ પાર્ટી માટે દિવસ – ૧ નું ભાડુ	8000	20000	6000	15000	8000	20000

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

	બ–મ.ન.પા.હદ બહાર ૭–અ મુજબ ચાર્જ ઉપરાંત કી.મી. એક ના રીટર્ન ચાર્જ સહીત	24	50	30	60	30	60
	આગ અકસ્માત અને આકસ્મિક ઘટના અંગેનું સર્ટીફીકેટનો ચાર્જ	400	400	1000	1000	1000	1000

ઉપરોકત ચાર્જ મ.ન.પા. જૂનાગઢ હદ વિસ્તાર માં આવેલ ઔધોગીક એકમોમાં આગ અકસ્માત અંગે ફાયર ફાઈટર ચાર્જીસ વસુલાત લેવાનો રહેશે.

– ફાયર ઈન્સ્પેકશન ચાર્જ તથા એન.ઓ.સી.ચાર્જનો દર : કમિશ્નરશ્રી તરફથી ક્રમ નં.૧માં સુચવેલ સુધારો તથા ક્રમ નં.૪ થી ૭ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. બાકીના દર યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

ક્રમ	વિગત	હાલના દર		કમિશનરશ્રી એ સુચવેલ દર		સ્થાયી સમિતીએ મંજુર કરેલ અને સુચવેલ દર	
		મ્યુ. ની હદ માં	મ્યુ. ની હદ બહાર	મ્યુ. ની હદ માં	મ્યુ. ની હદ બહાર	મ્યુ. ની હદ માં	મ્યુ. ની હદ બહાર
1	2	3	4	5	6	7	8
ક્રમ	વિગત	ઈન્સ્પેકશન ચાર્જ	ફાયર એન.ઓ.સી. ચાર્જ	ઈન્સ્પેકશન ચાર્જ	ફાયર એન.ઓ.સી. ચાર્જ	ઈન્સ્પેકશન ચાર્જ	ફાયર એન.ઓ.સી. ચાર્જ
1	હંગામી ફટાકડા લાયસન્સ / નવરાત્રી / સર્કસ / મેળા / હંગામી તમામ પ્રકારના સરકારી કાર્યક્રમ સીવાય માટે	500	500	500	1000	500	1000
2	તમામ રહેણાંક તથા તમામ પ્રકારના કોર્મશીયલ અને અન્ય લોરાઈઝ / હાઈરાઈઝ બિલ્ડીંગ માટે (શૈક્ષણીક સંસ્થા, હોટલો, રેસ્ટોરન્ટ, મોલ, હોસ્પીટલ / દવાખાના, રીસોર્ટ, જ્ઞાતીની વાડીઓ કે ધર્મશાળા જેવી તમામ પ્રકારની કોર્મશીયલ મીલકત) ૩૦ મીટર સુધી	2000	1000	2000	1000	2000	1000
	૩૦ થી વધારે ૪૦ મીટર સુધી	3000	1000	3000	1000	3000	1000
	૪૧ થી વધારે ૫૦ મીટર સુધી	5000	1000	5000	1000	5000	1000

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

3	ઔદ્યોગીક વિસ્તાર મહાનગરપાલિકા, જૂનાગઢ હદ વિસ્તાર	1000	1000	1000	1000	1000	1000
	ઔદ્યોગીક વિસ્તાર મહાનગરપાલિકા, જૂનાગઢ હદ વિસ્તાર બહાર	2000	1000	2000	1000	2000	1000
4	તમામ રહેણાંક તથા તમામ પ્રકારના કોર્મશીયલ અને અન્ય લોરાઈઝ / હાઈરાઈઝ બિલ્ડીંગ માટે (શૈક્ષણીક સંસ્થા, હોટલો, રેસ્ટોરન્ટ, મોલ, હોસ્પીટલ / દવાખાના, રીસોર્ટ, જ્ઞાતીની વાડીઓ કે ધર્મશાળા જેવી તમામ પ્રકારની કોર્મશીયલ મીલકત) ૩૦ મીટર સુધી મ.ન.પા. જૂનાગઢ હદ વિસ્તાર બહાર			5000	3000	5000	3000
5	સરકારી કે અર્ધ સરકારી તમામ મિલકતો માટે	ફ્રી	ફ્રી	ફ્રી	ફ્રી	ફ્રી	ફ્રી
6	ઉકત ક્રમ ૧ થી ૩ માટેનો રીન્યુઅલ ચાર્જ	મુળ ચાર્જના ૨૫%	મુળ ચાર્જના ૨૫%	મુળ ચાર્જના ૨૫%	મુળ ચાર્જના ૨૫%	મુળ ચાર્જના ૨૫%	મુળ ચાર્જના ૨૫%
7	ઉકત ક્રમ ૧ થી ૩ માટેનો એન.ઓ.સી.ની મુદત પૂર્ણ થયા બાદ રીન્યુઅલ માટે આવેલ અરજીમાં રીન્યુઅલ ચાર્જ ઉપરાંત વસુલવાનો થતો દંડ				1000	-	1000

— એમબ્યુલન્સ વાહન :— કમિશનરશ્રી તરફથી સુચવેલ સુધારો નામંજુર કરવામાં આવે છે અને અ— લોકલ મહાનગરપાલિકા હદમાં ફેરા એકના ચાર્જ ફ્રી કરવાનું ઠરાવવામાં આવે છે અને બાકીના ચાર્જ નીચે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

ક્રમ	વિગત	હાલના દર	કમિશનરશ્રી એ સુચવેલ દર	સ્થાયી સમિતીએ મંજુર કરેલ અને સુચવેલ દર
1	અ— લોકલ મહાનગરપાલિકા હદમાં ફેરા એકના ચાર્જ	25	50	ફ્રી
	બ— મહાનગરપાલિકા હદ બહાર પ્રતિ કિ.મી.ના આવક અને જાવક ચાર્જ (નોન એસી.)	3	5	4
2	ક— મહાનગરપાલિકા હદ બહાર પ્રતિ કિ.મી.ના આવક અને જાવક ચાર્જ (એસી.)	4	6	4
3	અંતિમ યાત્રા વાહન	ફ્રી	ફ્રી	ફ્રી
4	સબ વાહિની વાહન મ.ન.પા.ના હદમાં	ફ્રી	ફ્રી	ફ્રી

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

નોંધ : મહાનગરપાલિકા જૂનાગઢમાં જે આસામી બી.પી.એલ./મા.અમૃતમ કાર્ડ ધરાવતા હોય તેઓશ્રીને મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીને આપવામાં આવતી કોર્પોરેટર ગ્રાન્ટ માંથી મહાનગરપાલિકાના એમ્બયુલન્સ વાહનની ભાડાની રકમ કોર્પોરેટરશ્રી ગરીબ્ર નારાયણ ગ્રાન્ટ તરીકે ફાળવી શકશે.

– હાઉસટેકસ તેમજ પાણી વેરાની જુની ડીમાન્ડ ઘણી બાકી હોય જેની કડક વસુલાત કરી આવક વધારવાનું ઠરાવવામાં આવે છે. વસુલાત પુરેપુરી થાય તેની જવાબદારી જે–તે શાખાની રહેશે.

– વોટર વર્કસ શાખાએ સરકારશ્રીની યોજના નલ સે જલ પ્રમાણે તાત્કાલીક કનેકશન રેગ્યુલાઈઝ કરી તા.૩૧/૩/૨૦૨૧ બાદ જે પણ ગેરકાયદેસ કનેકશન હોય તેની કાપવાની કડક કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને જે પણ નવા વિસ્તારમાં કનેકશન આપવામાં આવેલ છે તેને નિયમાનુસાર જોડાણ ફી તથા અન્ય ફી લેવાની થતી હોય તેની તાત્કાલીક કાર્યવાહી પૂર્ણ કરી આવક વધારવાની કામગીરી કરવાની રહેશે.

– સને.૨૦૨૦–૨૧માં વ્યવસાય વેરા શાખાની આવક ઓછી થઈ છે તે વધારવા પ્રયત્ન કરવા સુચના આપવામાં આવે છે.

- **નીચે મુજબ આવક વિભાગમાં નવી જોગવાઈઓ કરવાનું ઠરાવવામાં આવે છે.**

ક્રમ	બજેટ હેડનું નામ	કમિશનરશ્રીએ સુચવેલ રકમ રૂા.	સ્થાયી સમિતીએ મંજુર કરેલ અને સુચવેલ રકમ રૂા.
૧	શહેરી શેરી ફેરીયા–૨૦૧૯	૪૦,૦૦,૦૦૦/–	૪૦,૦૦,૦૦૦/–
૨	ફીલ્મ / સિરીયલ શુટીંગ ફી	૫,૦૦,૦૦૦/–	૫,૦૦,૦૦૦/–
૩	નૌકાયાન ફી	૫,૦૦,૦૦૦/–	૫,૦૦,૦૦૦/–
૪	મુખ્યમંત્રી શહેરી બસ સુવિધાની ગ્રાન્ટ	૫,૦૦,૦૦,૦૦૦/–	૫,૦૦,૦૦,૦૦૦/–

- **નીચે મુજબ ખર્ચ વિભાગમાં નવી જોગવાઈઓ કરવાનું ઠરાવવામાં આવે છે.**

ક્રમ	બજેટ હેડનું નામ	કમિશનરશ્રીએ સુચવેલ રકમ રૂા.	સ્થાયી સમિતીએ મંજુર કરેલ અને સુચવેલ રકમ રૂા.
૧	મુખ્યમંત્રી શહેરી બસ સુવિધાની ગ્રાન્ટ	૫,૦૦,૦૦,૦૦૦/–	૫,૦૦,૦૦,૦૦૦/–

- **નીચે દર્શાવેલ આવક વિભાગના બજેટ હેડોમાં ઘટાડો કરવાનું ઠરાવવામાં આવે છે.**

ક્રમ	બજેટ હેડનું નામ	કમિશનરશ્રીએ સુચવેલ રકમ રૂા.	સ્થાયી સમિતીએ મંજુર કરેલ અને સુચવેલ રકમ રૂા.
૧	સામાન્ય કર	૪૦,૦૦,૦૦,૦૦૦/–	૩૯,૯૫,૦૦,૦૦૦/–

ઉપર જણાવેલ વિગતે કમિશનરશ્રી તરફથી રજુ કરવામાં આવેલ જૂનાગઢ મહાનગરપાલિકાના સને.૨૦૨૧–૨૦૨૨ના બજેટની દરખાસ્તમાં દર્શાવેલ આવક–ખર્ચમાં ઘટાડો / વધારો કરવાનું તથા નવા બજેટ હેડ અંદાજવામાં આવેલ છે. બાકીના બજેટ હેડોમાં કમિશનરશ્રી તરફથી રજુ કરવામાં આવેલ ખર્ચ–આવક યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે.

કમિશનરશ્રીએ ખર્ચ વિભાગમાં કુલ અંદાજ રૂા.૩,૮૪,૩૨,૨૦,૦૦૦/– અંદાજેલા તેમાં ઉપર જણાવેલ વિગતે ખર્ચમાં સુધારા/વધારા કરતાં, ખર્ચ વિભાગમાં કુલ ખર્ચ રૂા.૩,૮૪,૩૨,૨૦,૦૦૦/– અંદાજવામાં આવે છે.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

કમિશનરશ્રીએ આવક વિભાગમાં કુલ આવકનો અંદાજ રૂા.૩,૮૪,૯૯,૫૦,૦૦૦/– અંદાજેલ જેમાં સુધારા/વધારા કરતાં, આવક વિભાગમાં કુલ આવક રૂા.૩,૮૪,૯૪,૫૦,૦૦૦/– અંદાજવામાં આવે છે.

બજેટની ખુલતી સિલક રૂા.૯૧,૧૦,૪૫,૦૦૦/– મળી આમ સમગ્ર રીતે સને. ૨૦૨૧–૨૦૨૨ના વર્ષમાં કમિશનરશ્રીએ વર્ષના અંતે બંધ પુરાંત સિલક રૂા.૬૭,૩૦,૦૦૦/– અંદાજેલ પરંતુ ઉપરોકત ફેરફારો કરતાં, સને.૨૦૨૧–૨૦૨૨ના વર્ષના અંતે બંધ પુરાંત સિલક રૂા.૬૨,૩૦,૦૦૦/– રહેવા પામશે.

ઉપર જણાવેલ વિગતે જૂનાગઢ મહાનગરપાલિકાનું સને. ૨૦૨૧–૨૦૨૨નું બજેટ તથા સને. ૨૦૨૦–૨૦૨૧નું રીવાઈઝડ બજેટ તથા જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત શ્રી નરસિંહ વિદ્યામંદિર શાળાનું સને. ૨૦૨૧–૨૦૨૨નું બજેટ મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. સબબ આ ઠરાવ જનરલ બોર્ડમાં બહાલ રાખવા નિર્ણય અર્થે મુકવો.

અધ્યક્ષ
સ્થાયી સમિતી
મહાનગરપાલિકા-જૂનાગઢ.

જૂનાગઢ મહાનગર સેવા સદન

રેવન્યુ ઉપજ અંદાજ પત્ર સને 2021 - 2022

એકાઉન્ટ કોડ	બજેટ કોડ	બજેટ હેડ	સને 2018 - 2019 ની ખરેખર ઉપજ	સને 2019 - 2020 ની ખરેખર ઉપજ	સને 2020 - 2021 નો અંદાજ	એપ્રીલ–2020 થી ડીસે.–2020 સુધી ની ખરેખર ઉપજ	જાન્યુ.–2021 થી માર્ચ–2021 સુધી ની અંદાજે ઉપજ	સને 2020 - 2021 ની કુલ ઉપજ (રીવાઈઝડ) (7 + 8)	2021 - 2022 બજેટની કમિશનરશ્રી ની દરખાસ્ત	સ્ટે.કમિટીએ મંજુર કરેલ અને સુચવેલ	જનરલ બોર્ડ મંજુર કરેલ
1	2	3	4	5	6	7	8	9	10	11	12
11001	A	**સ્વભંડોળ આવક :**									
01	1	ઓકટ્રોય વળતર ગ્રાન્ટ	228,409,978	228,408,697	250,000,000	171,307,719	78,692,281	250,000,000	250,000,000	250,000,000	250,000,000
02	2	શિક્ષણ ઉપકર ગ્રાંટ	1,386,640	1,616,116	10,000,000	1,472,667	8,527,333	10,000,000	2,000,000	2,000,000	2,000,000
03	3	રાષ્ટ્રીય મલેરીયા ગ્રાન્ટ	11,820,253	6,764,920	10,000,000	7,870,338	2,129,662	10,000,000	9,600,000	9,600,000	9,600,000
04	4	જમીન મહેસુલ બીનખેતી ગ્રાન્ટ	30,969,801	969,801	1,500,000	382,786	1,117,214	1,500,000	500,000	500,000	500,000
05	5	જાહેર સેવા ફી	666,600	648,810	800,000	430,940	369,060	800,000	800,000	800,000	800,000
06	6	સામાન્ય કર (બુલ્લા પ્લોટના ચાર્જ સહીત)	144,483,638	150,381,017	310,000,000	147,895,326	162,104,674	310,000,000	400,000,000	399,500,000	399,500,000
07	7	કેન્દ્ર સરકારની મિલકત પર સર્વીસ ચાર્જ	-	-	10,000,000	355,001	9,644,999	10,000,000	500,000	500,000	500,000
08	8	સફાઈ કર	20,080,236	18,603,491	65,000,000	19,518,701	45,481,299	65,000,000	30,000,000	30,000,000	30,000,000
09	9	દિવાબતી કર	19,922,165	19,386,615	67,000,000	17,481,615	49,518,385	67,000,000	30,000,000	30,000,000	30,000,000
10	10	ફાયર સેફટી	2,049,203	2,035,969	6,000,000	2,200,127	3,799,873	6,000,000	7,000,000	7,000,000	7,000,000
11	11	ગટર કનેકશન ફી	-	-	100,000,000	-	100,000,000	100,000,000	100,000,000	100,000,000	100,000,000
12	12	ગટર જાળવણી ફી	-	-	10,000,000	-	10,000,000	10,000,000	10,000,000	10,000,000	10,000,000
13	13	નામ ટ્રાન્સફર સર્વીસ ચાર્જ	8,040,768	6,783,729	10,000,000	5,915,115	4,084,885	10,000,000	6,000,000	6,000,000	6,000,000
14	14	યુઝર ચાર્જ (ગાર્બેજ ફલે.)	28,072,364	29,094,446	75,000,000	31,956,169	43,043,831	75,000,000	50,000,000	50,000,000	50,000,000
15	15	વિલંબીત વેરા ભરપાઈ અંગે નુ વ્યાજ	10,939,952	8,502,430	10,000,000	6,358,661	3,641,339	10,000,000	7,000,000	7,000,000	7,000,000
16	16	પાણી વેરો	10,067,134	8,915,156	90,400,000	12,168,714	78,231,286	90,400,000	81,200,000	81,200,000	81,200,000
17	17	નળ કનેકશન ગેરરીતીની આવક	5,330	35,000	150,000	-	150,000	150,000	150,000	150,000	150,000
18	18	વાહન (ટેન્કર) ભાડુ	54,500	1,000	200,000	480	199,520	200,000	200,000	200,000	200,000
19	19	સ્નાન ગૃહ	214,385	200,510	500,000	-	500,000	500,000	500,000	500,000	500,000
20	20	જાહેરાત બોર્ડ ની આવક (કીયોસ્કો બોર્ડ / પીકઅપ સ્ટેન્ડ)	10,160,412	6,490,357	15,000,000	3,732,033	11,267,967	15,000,000	7,000,000	7,000,000	7,000,000
21	21	મ.ન.પા. ની મીલકત ની ટ્રાન્સફર ફી	3,300,000	-	4,500,000	1,246,812	3,253,188	4,500,000	2,000,000	2,000,000	2,000,000
22	22	સીનેમા / વિડીયો / થીએટર કર	-	-	5,000,000	25,000	4,975,000	5,000,000	500,000	500,000	500,000
23	23	જમીન ભાડુ	3,010,393	2,855,306	5,000,000	727,732	4,272,268	5,000,000	5,000,000	5,000,000	5,000,000
24	24	શહેરી શેરી ફેરીયા ૨૦૧૪	-	-	-	-	-	-	4,000,000	4,000,000	4,000,000

એકાઉન્ટ કોડ	બજેટ કોડ	બજેટ હેડ	સને **2018 - 2019** ની ખરેખર ઉપજ	સને **2019 - 2020** ની ખરેખર ઉપજ	સને **2020 - 2021** નો અંદાજ	એપ્રીલ–**2020** થી ડીસે.–**2020** સુધી ની ખરેખર ઉપજ	જાન્યુ.–**2021** થી માર્ચ–**2021** સુધી ની અંદાજે ઉપજ	સને **2020 - 2021** ની કુલ ઉપજ (રીવાઈઝડ) **(7 + 8)**	**2021 - 2022** બજેટની કમિશનરશ્રી ની દરખાસ્ત	સ્ટે.કમિટીએ મંજુર કરેલ અને સુચવેલ	જનરલ બોર્ડ મંજુર કરેલ
1	2	3	4	5	6	7	8	9	10	11	12
25	25	ફીલ્મ / સીરીયલ શુટીંગ ફી	-	-	-	-	-	-	500,000	500,000	500,000
26	26	નાકાપાન ફી	-	-	-	-	-	-	500,000	500,000	500,000
27	27	પી.જી.વી.સી.એલ. પોલ / ટી.સી. / જુદી જુદી કંપનીઓની અન્ડર ગ્રાઉન્ડ કેબલના વાર્ષિક ભાડાની આવક	3,521,800	268,226	5,000,000	4,937,569	62,431	5,000,000	6,500,000	6,500,000	6,500,000
28	28	બગીચા / ચીલ્ડ્રન પાર્ક આવક	169,050	202,801	165,000	106,676	58,324	165,000	165,000	165,000	165,000
29	29	મકાન ભાડુ ઈમારત ભાડુ	2,557,260	3,061,870	5,000,000	1,653,439	3,346,561	5,000,000	3,000,000	3,000,000	3,000,000
30	30	મેળા ઉપજ (શીવરાત્રી/પરીક્રમા)	4,325,660	1,880,100	2,500,000	-	2,500,000	2,500,000	2,500,000	2,500,000	2,500,000
31	31	ટાઉન હોલ ભાડુ	32,000	716,000	1,200,000	13,500	1,186,500	1,200,000	1,000,000	1,000,000	1,000,000
32	32	ન્યુસન્સ વહીવટી ચાર્જ	780,565	1,436,401	1,500,000	729,880	770,120	1,500,000	1,000,000	1,000,000	1,000,000
33	33	સેગ્રીગેશન ફી	-	-	25,000	-	25,000	25,000	50,000	50,000	50,000
34	34	વૃક્ષ છેદન વહીવટી ફી	-	-	75,000	6,700	68,300	75,000	100,000	100,000	100,000
35	35	લાયસન્સ ફી (રે.ટે.)	2,480,495	2,094,680	3,000,000	2,297,280	702,720	3,000,000	3,000,000	3,000,000	3,000,000
36	36	જી.એસ.ટી.વસુલાત	10,711,289	5,273,250	5,000,000	2,259,312	2,740,688	5,000,000	3,000,000	3,000,000	3,000,000
37	37	ભેળસેળ ઘારાં	1,123,506	208,300	500,000	5,000	495,000	500,000	500,000	500,000	500,000
38	38	ગુમાસ્તા ધારો ગોપ રજી.ફી	248,008	26,386	100,000	10,271	89,729	100,000	100,000	100,000	100,000
39	39	વ્યવસાય વેરો	27,878,758	22,272,523	26,000,000	15,449,834	10,550,166	26,000,000	26,000,000	26,000,000	26,000,000
40	40	સોનાપુર ઉપજ	1,694,541	1,935,668	2,000,000	1,891,156	108,844	2,000,000	2,000,000	2,000,000	2,000,000
41	41	સેપ્ટીક ટેંક, વેકયુમ તથા મોબાઈલ ટોયલેટ ભાડા આવક	255,480	349,080	500,000	71,500	428,500	500,000	500,000	500,000	500,000
42	42	ફાયર ચાર્જીસ / ફાયર ઈન્સ્પેકશન તથા એન.ઓ.સી.ચાર્જ	295,853	943,350	1,000,000	184,300	815,700	1,000,000	500,000	500,000	500,000
43	43	એમ્બ્યુલન્સ ભાડા	390,764	444,596	500,000	22,736	477,264	500,000	100,000	100,000	100,000
44	44	ખરી નકલ ફી	12,636	15,870	20,000	4,428	15,572	20,000	20,000	20,000	20,000
45	45	દંડ / પેનલ્ટી આવક	2,554,748	1,573,153	2,500,000	1,257,246	1,242,754	2,500,000	1,500,000	1,500,000	1,500,000
46	46	પરચુરણ આવક	2,732,722	965,961	1,500,000	1,360,173	139,827	1,500,000	1,500,000	1,500,000	1,500,000
47	47	ચુંટણી ઉપજ	28,232	336,757	10,000	1,134	8,866	10,000	10,000	10,000	10,000
48	48	ઢોરડબ્બાની આવક / ડબા ખાયકી	8,760	660	50,000	2,400	47,600	50,000	50,000	50,000	50,000
49	49	ઢોરડબ્બા દંડ	16,000	1,000	100,000	1,000	99,000	100,000	50,000	50,000	50,000
50	50	જૂનાગઢ મેરેથોન અને હેરીટેજ સેલ માટે સ્પોન્શરશીપ ઉપજ	-	-	3,000,000	-	3,000,000	3,000,000	2,000,000	2,000,000	2,000,000

એકાઉન્ટ કોડ	બજેટ કોડ	બજેટ હેડ	સને **2018 - 2019** ની ખરેખર ઉપજ	સને **2019 - 2020** ની ખરેખર ઉપજ	સને **2020 - 2021** નો અંદાજ	એપ્રીલ–**2020** થી ડીસે.–**2020** સુધી ની ખરેખર ઉપજ	જાન્યુ.–**2021** થી માર્ચ–**2021** સુધી ની અંદાજે ઉપજ	સને **2020 - 2021** ની કુલ ઉપજ (રીવાઈઝડ) **(7 + 8)**	**2021 - 2022** બજેટની કમિશનરશ્રી ની દરખાસ્ત	સ્ટે.કમિટીએ મંજુર કરેલ અને સુચવેલ	જનરલ બોર્ડ મંજુર કરેલ
1	2	3	4	5	6	7	8	9	10	11	12
51	51	જુનો માલસામાન : ભંગાર : જાહેર હરરાજી ની આવક	-	-	15,000,000	-	15,000,000	15,000,000	5,000,000	5,000,000	5,000,000
	A	**કુલ**	**595,471,879**	**535,700,002**	**1,132,295,000**	**463,311,470**	**668,983,530**	**1,132,295,000**	**1,065,095,000**	**1,064,595,000**	**1,064,595,000**

એકાઉન્ટ કોડ	બજેટ કોડ	બજેટ હેડ	સને **2018 - 2019** ની ખરેખર ઉપજ	સને **2019 - 2020** ની ખરેખર ઉપજ	સને **2020 - 2021** નો અંદાજ	એપ્રીલ–**2020** થી ડીસે.–**2020** સુધી ની ખરેખર ઉપજ	જાન્યુ.–**2021** થી માર્ચ–**2021** સુધી ની અંદાજે ઉપજ	સને **2020 - 2021** ની કુલ ઉપજ (રીવાઈઝડ) **(7 + 8)**	**2021 - 2022** બજેટની કમિશનરશ્રી ની દરખાસ્ત	સ્ટે.કમિટીએ મંજુર કરેલ અને સુચવેલ	જનરલ બોર્ડ મંજુર કરેલ
1	2	3	4	5	6	7	8	9	10	11	12
11002	B	**અનામત અને ડિપોઝીટ**									
01	1	ઈમ્પેકટ ફી	23,429	-	100,000	-	100,000	100,000	10,000	10,000	10,000
02	2	માહિતી અધિકાર અધિનીયમ અંગે ની ફી	49,093	70,758	60,000	43,085	16,915	60,000	50,000	50,000	50,000
03	3	ધસારા ફંડ	-	-	500,000	-	500,000	500,000	50,000	50,000	50,000
	B	**કુલ**	**72,522**	**70,758**	**660,000**	**43,085**	**616,915**	**660,000**	**110,000**	**110,000**	**110,000**
11003	G-1	**કેપીટલ આવક (સ્વભંડોળ)**									
01	1	મોબાઈલ ટાવર ચાર્જ	306,075	354,487	500,000	-	500,000	500,000	100,000	100,000	100,000
02	2	વાહન ચાર્જ	16,021,027	15,981,475	25,000,000	9,119,776	15,880,224	25,000,000	15,000,000	15,000,000	15,000,000
03	3	ડેવલપમેન્ટ ચાર્જીસ બાંધકામ ચાર્જ	59,823,555	46,082,216	104,000,000	189,538,816	- 85,538,816	104,000,000	90,000,000	90,000,000	90,000,000
04	4	ટેન્ડર ફી	1,897,840	686,400	1,000,000	889,800	110,200	1,000,000	1,000,000	1,000,000	1,000,000
05	5	કોન્ટ્રાકટર (બાંધકામ) લાયસન્સ રજીસ્ટ્રેશન ફી	382,500	91,750	100,000	60,750	39,250	100,000	100,000	100,000	100,000
06	6	કુદરતી આફતોની જોગવાઈ	-	-	2,000,000	-	2,000,000	2,000,000	2,000,000	2,000,000	2,000,000
07	7	કેબલ કનેકશન ચાર્જ ; જુદી જુદી કંપનીઓ દ્વારા તોડાતા રસ્તાની વસુલાતની રકમ (રીસ્ટોરેશન ચાર્જ)	36,484,744	20,232,835	45,000,000	192,496,902.50	- 147,496,902.50	45,000,000	150,000,000	150,000,000	150,000,000
08	8	પ્રજાકીય ફાળો (જ.ભા.)	4,652,625	319,428	5,000,000	-	5,000,000	5,000,000	5,000,000	5,000,000	5,000,000
09	9	નવા પાઈપ ; નળ કનેકશન ફી	1,667,202	1,281,469	1,500,000	721,339	778,661	1,500,000	1,500,000	1,500,000	1,500,000
10	10	રોકેલા નાણા પર વ્યાજ	55,309,969	35,213,885	50,000,000	39,705,563	10,294,437	50,000,000	50,000,000	50,000,000	50,000,000
11	11	પાર્કીંગ પોલીસી આવક	-	-	500,000	-	500,000	500,000	500,000	500,000	500,000
12	12	સરકારી ગ્રાન્ટ માંથી પગ લેખે વહીવટી ચાર્જ ; મેચીંગ ગ્રાન્ટ	-	-	35,000,000	-	35,000,000	35,000,000	35,000,000	35,000,000	35,000,000
	G-1	**કુલ**	**176,545,537**	**120,243,945**	**269,600,000**	**432,532,946.50**	**- 162,932,947**	**269,600,000**	**350,200,000**	**350,200,000**	**350,200,000**

એકાઉન્ટ કોડ	બજેટ કોડ	બજેટ હેડ	સને **2018 - 2019** ની ખરેખર ઉપજ	સને **2019 - 2020** ની ખરેખર ઉપજ	સને **2020 - 2021** નો અંદાજ	એપ્રીલ–**2020** થી ડીસે.–**2020** સુધી ની ખરેખર ઉપજ	જાન્યુ.–**2021** થી માર્ચ–**2021** સુધી ની અંદાજે ઉપજ	સને **2020 - 2021** ની કુલ ઉપજ (રીવાઈઝડ) **(7 + 8)**	**2021 - 2022** બજેટની કમિશનરશ્રી ની દરખાસ્ત	સ્ટે.કમિટીએ મંજુર કરેલ અને સુચવેલ	જનરલ બોર્ડ મંજુર કરેલ
1	2	3	4	5	6	7	8	9	10	11	12
	A	કુલ	**595,471,879**	**535,700,002**	**1,132,295,000**	**463,311,470**	**668,983,530**	**1,132,295,000**	**1,065,095,000**	**1,064,595,000**	**1,064,595,000**
